સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૭૨ / શુમારો : ૧૨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૨

مشكوة

# મિશ્કાતુલ હાદી

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ ઝીલહજ્જ ૧૪૩૦ હી., ૧૮-૧૧-૨૦૦૯

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની વસીયત અને વસીનો દરજ્જો :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ જે લોગો, આપના તરફથી મુકર્રરશુદા હક્કના વસીને અને કાઈમ મકામને મૂકીને બીજાઓ તરફ વલી ગયા અને તેઓને પોતાના પેશ્વાઓ બનાવી લીધા તે વાસ્તે ઈસ્માઈલી-તૈયેબી કિતાબોમાં ઘણા બયાનો મન્કૂલ થયેલા છે. ફાતેમી ઈમામોના ઝુહૂરના ઝમાનમાં જેટલા દોઆતે કેરામ હતા જેઓએ મૌ. અલી ઈબ્ને અબી તાલિબ અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વસાયત અને ઈમામતના વાસ્તે હુજ્જતો-દલીલો-બુરહાનો પૈશ કીધેલા છે, એ તમામને અગર એક જગા એક મઝમૂન (ટોપીક) ને માતહત જમા કરવામાં આવે તો ઝખીમ-ભારી કિતાબોના ઢગ વાગી જાય. આ બયાનાત માંથી અવાર-નવાર વક્તન-ફ-વક્તન અખ્બારની કિતાબોના ખુલાસાઓ વાઅઝો-તકરીરોમાં બિલા-નાગા કરવામાં આવે છે, પણ અપના અકીદાઓની કિતાબ **"તાજુલ અકાઇદ વ માઅદનુલ ફવાઇદ"** માં આ મૌઝૂઅ પર અને એને ઈર્દ-ગિર્દ ઊસૂલી વાતો પર ઘણી જ ગહેરી બહેસ કરવામાં આવી છે, જે તકરીબન ૧૪ અકીદાઓ પર મુન્હસિર છે. ગદીરે ખુમ્મના તારીખી વાકેઆની હકીકતો આ જ અકીદાઓ પર આધાર રાખે છે.

ઝુહુરે ઈમામતના દાઈયુલ બલાગ સૈ.અબુ યાઅકૂબ અસ-સિજિસ્તાની **"કિતાબુલ ઇફ્તેખાર"** માં ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ વસીની વસાયત કુરઆને કરીમમાં ફરઝ કીધેલી છે અને સૂરતુલ બકરાહની ૧૮૦ મી આયતમાં મુમિન પર એની મૌતને વક્ત એની વસીયતને એના વારિસ વાસ્તે કરવી વાજિબ કીધી છે. જેથી એનો વારિસ એની વસીયતને મુજબ અમલ કરે. ફરમાને ખુદાવંદી છે કે, **તમારા ઉપર વાજિબ છે કે, જે વક્ત તમારા એકને મૌત આવે તો તમેં તમારા ખૈરની યાઅની કે માલ-દીનની વસીયત કરો.** શું રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આ આયતે કુરઆનીથી ગાફિલ હશે કે, આપે આપની વસીયત વાસ્તે કોઈ વસીને મુકર્રર ન કીધા ? જે દીનને આપે ઉમ્મતને વાસ્તે મુકું તે ખૈર દીન નથી ? યા શું અલ્લાહતઆલાએ જેના ઉપર વસીયત કરવું ફરઝ કીધું છે એના માંથી પોતાના નબીને નીકાલી નાખા ! કોઈ એવી દલીલ જ કાઈમ નથી થાતી કે, આ આયત નબી સિવાય બીજાઓ વાસ્તે જ નાઝિલ થયેલી હોય ! જે વસીયત સાથે **"ખૈર"** નો લફઝ ઈસ્તેમાલ થયો છે તે દીનને ખૈરના નામ માંથી નીકાલવું જાઈઝ છે ? આ વાત સમઝા પછી કે, ખૈર બિલકુલ દીન જ છે. તો નબીયુલ્લાહ ઉપર લાઝિમ થઈ ગયું કે, વસીયત કરે અને વસીને કાઈમ (નસબ) કરે.

> **" અલ-હાદી " પોતાના તમામ અઝીઝ કારેઈનને દિલી ફરહતો મસર્રત સાથે " ઈદુલ અઝહા " ની અને " યૌમે ઈદે વલાયત " ની મુબારક બાદી પૈશ કરે છે.**

આના સિવાય અલ્લાહતઆલાએ રોઝા ફરઝ કરવાનો હુકમ રસૂલ ઉપર કીધો તો લોગોએ માની લીધું. નમાઝના ફરઝને વક્તસર અદા કરવાનો હુકમ કીધો તો ઈમાનદારોએ તેને પાબંદીથી અદા કીધી. પાક થાવાના ફરમાનને ઉમ્મતે માથે ચઢાવું અને જિસ્મ-કપડાને પાક કીધા. સૂરતુલ આદેયાત અને સૂરતુલ મુમેનૂનમાં દીનમાં ખૈરની વાત કીધી તો લોગોએ માની લીધી. સફરમાં ફરઝની નમાઝને કસર કરવાનું ફરમાન થયું તો એના પર લોગોએ અમલ કીધો. દૈન-કરઝ કરવામાં એકબીજાને દરમિયાન લખાણ કરવાનો હુકમ થયો તો તેને સરઆઁખો પર ચઢાવો. તેથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), વસીયત કરવાના ફરમાનને માથે પઢાવે અને પોતાના વસીને કાઈમ કરે એ

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**નૈક અમલ મુમિન અને બદકાર કાફિર એક જેવા નથી.**

## -::: હ. મુસ્લિમ બિન અકીલ (રિ.અ.) :::-

હિ.૬૦ ના શાઅબાનમાં આપ મક્કા પહોંચા. શાઅબાન અને રમઝાનમાં ઈમામ હુસૈન (અ.સ.) એ રાત દિવસ કાઅબતુલ્લાહમાં ઈબાદત કરી. ઝિલકાદ તક ત્યાં જ રહ્યા. શાઅબાનમાં જ કૂફાના લોગોના ખતો આવવા લાગા. આથી આપે આપના કાકાજીના દીકરા અને બનેવી મૌ. મુસ્લિમ બિન અકીલને કૂફા મોકલા, એલચી (સફીર) તરીકે.

મુસ્લિમ બિન અકીલ, આપ મક્કાથી બહાર ગયા જ હશે કે, એક શિકારી હરણનો શિકાર કરીને સામે આવતો જોયો. તે જોઈને આપ પાછા ફિરા. અને ઈમામ (અ.સ.) ની હઝરતમાં આવા. નઝર સામે શિકારી મીલવાની હકીકત બતાવી. ઈમામ (અ.સ.) એ ફરમાવું, "શું ભાઈ તમે મોતથી ડરો છો ?" ત્યારે આપે જવાબ આપો, બેશક નહીં ! તે બાદ આપ દોબારા રવાના થયા. સાથે બે નાના ફરઝંદોને પણ લીધા.

મુસ્લિમ (અ.સ.) ખુફીયા તરીકાથી કૂફાની તરફ રવાના થઈ ગયા અને એની કોઈને ખબર પડવા ન દીધી કે પોતે ક્યાં જઈ રહ્યા છે. એ ઝમાનો જ એવો હતો કે, શામ, ઈરાક, હિજાઝ તમામ જગાએ જંગલમાં યાકે વસ્તીમાં દરેક જગાએ દુશ્મનના જાસુસો ફિરતાં જ હોય.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો એ કૌલ મશહૂર છે કે, **મેં મારા બાદ ઉમ્મતને દરમિયાન બે નફીસ ચીઝ મુકી જાઉં છું, એક "કુરઆને મજીદ" અને બીજી મારા "અહલે બૈત".** પણ ઝાલિમોએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની વફાત બાદ શું કર્યું ? કિતાબુલ્લાહ કુરઆન શરીફ પર અમલ ન કીધો અને હકીકી કુરઆન અહલે બૈત ઉપર ચારેકોરથી ઝુલ્મો-સિતમનો વરસાદ વરસાવો. હકીકત અને સચ્ચાઈથી નહીં ડરનારા બેહલુલ દાનાએં હક્ક વાત કહી હતી કે, કરબલાનો પાયો સકીફામાં નંખાયો હતો !

કૂફાના મુકીમો મુસ્લિમની ચારે તરફ જમા થઈ ગયા. ઈમામ હુસૈન (અ.સ.) વાસ્તે સઘલાએ બયઅત આપી. યઝીદને શામમાં આ અખ્બાર મીલતા ફૌરન તે બસરાના આમિલ ઊબૈદિલ્લાહ ઈબ્ને ઝિયાદને લખ્યું,"મેં તુંને બસરાની સાથો-સાથ કૂફાનો પણ હાકિમ બનાવું છું." અને તેથી જ ત્યાંની બાગદૌર વાસ્તે તું હુસૈન (અ.સ.) ને પહેલાં કૂફા પહોંચી મ.મુસ્લિમ બિન અકીલ પહેલાથી આવી ચૂકા હતા. ઊબૈદિલ્લાહ ઈબ્ને ઝિયાદ લિબાસ બદલીને મોં પર નકાબ બાંધી કૂફામાં આવો. લોગો સાથે કૂફાના આમિલ નોઅમાન ઈબ્ને બશીર અનસારી પણ ભૂલમાં પડા, ઈબ્ને ઝિયાદને પહેચાની ન શકા. તમામ સમઝતા હતા કે, ઈમામ હુસૈન (અ.સ.) ને કાગલો લખેલા છે તેથી આપ પધારી રહ્યા છે. પણ ઈબ્ને ઝિયાદ મલઊન નકાબપોશીમાં જ પૂરા કૂફા માં ફીરો, માહૌલથી વાકિફ થયો, મુસ્લિમ (અ.સ.) ની ખબર નીકાલતો રહ્યો અને પોતાની અસલી પહેચાન ઝાહિર કરીને નોઅમાનને આમિલના ઓહદા પરથી હટાવી, પોતે પૂરા કૂફાનો કબ્ઝો લઈ લીધો. ઈબ્ને ઝિયાદ કૂફા આવો. તે વક્ત મુસ્લિમ બિન અકીલ ઔસજાના ઘરમાં હતા. આપ તરત મકાન બદલી હાની બિન ઉર્વાહના ત્યાં ચાલા ગયા ઈબ્ને ઝિયાદે આપની તલાશમાં એક ગુલામને ત્રણ હઝાર દિરહમ આપી મોકલો. ઈમામને બયઅત આપવી છે, કદી લોગોને છેતરી બાતમી લઈ આપવાની ચાલ રચી અને ખબર હાંસિલ કીધી.

ઈબ્ને ઝિયાદે હાની બિન ઉર્વાહને બોલાવા અને પૂછ્યું, **"મુસ્લિમ ક્યાં છે ?"** હાનિએ કહ્યું : "વલ્લાહો આઅલમ" (ખુદાને ખબર)

ત્યાં એક ગુલામ આવો અને કહ્યું, "આજ શખ્સના ઘરમાં મુસ્લિમે પનાહ લીધી છે." ઊબૈદુલ્લાહે હાનીને બોલાવાં કે, તરત જ તે જ વક્ત મુસ્લિમે મકાન બદલી નાંખું. ઈબ્ને ઝિયાદ હાનીને લાલચ આપવા લાગો. તે વક્તે હાનીએ ગુસ્સામાં આવી જઈને જવાબ આપો, "મુસ્લિમ અગર ઝમીનમાં છુપેલા હોત તો એ ઝમીન પરથી મેં હટતી નહી, જેથી તું એમને હાંસિલ કરી શકે !"

ઈબ્ને ઝિયાદે લોગોમાં દહેશત ફેલાવવા શામથી લશ્કર આવી રહ્યું છે, એવી અફવાહ ફેલાવી. લોગો ગભરાયા અને મુસ્લિમને છોડી દીધા. રાતનો વક્ત હતો, લોગો ચાલા ગયા હતા. **બયઅત આપા પછી લોગોએ મુસ્લિમથી મોં ફિરાવી લીધું અને દિલોને ઇમાનથી ખાલી કરી લીધું.** મુસ્લિમ તન્હા રહી ગયા હતા.

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**તમેં અલ્લાહને દોઆ કરો, તમને જવાબ દેશે, દોઆ નહીં કરનારા જહન્નમમાં જાશે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✣ મૌ.યૂસુફ નબી બાદ મૌ. શોઐબ નબી તક મોટી ફતરત આવી, યહાઁ તક કે મૌ.મૂસા કલીમુલ્લાહ મૌ. શોઐબને આવીને મીલા. મૌ. મૂસા નબીએ મુરસલ બનીને ઝાહિર થયા અને ફિરઔની ફિત્નાને દૂર કીધો. આપના સાથે આપના વસી મૌ. હારૂન રહ્યા, આપને ખૂબ મદદ કીધી તે બાદ એ વફાત થયા અને આપે મૌ.યૂશાઅ બિન નૂનને આપના વસી બનાવા. મૌ.યૂશાઅએ બની ઈસ્રાઈલના લોગોને ખૂબ સમઝાવા મગર તેઓ ઈમાનો ઈતાઅતમાં કાચા રહ્યા અને આ મુજબ ગુમ્રાહી સરે આમ થઈ ગઈ. મૌ.યૂશાઅ બાદ મૌ.દાઊદ નબી અલ્લાહના ખલીફા બનીને કાઈમ થયા અને આપના દીકરા મૌ.સુલૈમાન નબી આપના વારિસ થયા અને ઈલાહી મમ્લેકત-ઈલાહી દાઅવતને કાઈમ કીધી. મૌ.સુલૈમાન બાદ દોબારહ ફતરતનો ઝમાનો આવો યહાઁ તક કે મૌ.ઝકરીયા, મૌ.યાહયા અને મૌ.ઈસા રૂહુલ્લાહ (અ.સ.) આવા અને હક્કનો ઝુહૂર થયો. તે પછી દૌરે ફતરત ચાલુ રહ્યો અને જાહેલીયતનો ઝમાનો આવો યહાઁ તક કે ખાતેમુલ અંબિયાએ વલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) તશરીફ લાવા, **આપની દાઅવત દુનિયાની હર ચીઝ પર છે,** આપની આ દાઅવતને કુબૂલ કરનારી હર શયને ફત્હો ઝફર હાસિલ થાય છે અને કયામત તક દુનિયામાં આપની દાઅવતના ચમનની તરો તાઝગીની મહેક આપના દોઆતની બાગબાનીના સબબ આવતી રહેશે. આ તરહ અલ્લાહના અંબિયા અને ઔલિયા હર ઝમાનમાં આવતા રહ્યા, કેટલાક નો વક્ત ઝુહૂરનો હતો તો કેટલાક નો વક્ત સતરનો હતો, કેટલાક નો ફઝલો શરફ લોગો માં અયાઁ-બયાઁ હતો અને કેટલાકનો ફઝલ મખ્ફી હતો.

✣ અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) નો કૌલ છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વફાત બાદ ત્રણ ફિતનતો નો ફસાદ ઝાહિર થાશે : (૧) ફિતનતુસ સર્રા (૨) ફિતનતુઝ ઝર્રા અને (૩) ફિતનતુત તમ્હીસ. આ ફિતનતો બાદ હમારી ઈતરત-આલ માંથી એક મરદે આદિલ ઈમામે ફાઝિલ ઝાહિર થાશે અને દુનિયાઓ દીનના તમામ ઊમૂરને દુરસ્ત કરશે.

**(૧) ફિતનતુસ સર્રા :** આ ફિતનત રસૂલુલ્લાહ બાવાજીના ઈન્તેકાલ પુરમલાલ બાદ ઈબ્તેદા થઈ, સકીફાવાલાઓની ફિતનત, જેઓએ અહલુલ બૈત (અ.સ.) ની અદાવત દિલમાં રાખીને સાહબે વલાયત મૌ.અલી (અ.સ.) ના હક્કને છીનવી તેમના મન્સબ પર જઈ ચઢા અને ઉમ્મતે મોહંમદીયાહ મોટી ફિતનતમાં મુબ્તેલા થઈ, પોતાની દીકરીઓને દૂધમાં ડૂબાવીને મારી નાખનારનાં નાપાક હાથે માઁ ફાતેમા ઝહરા (અ.સ.) ની શહાદત થઈ, તે બાદ એક ખારજીએ ઝિના અને દૌલતની લાલચમાં આકા અલી પર ઝહેરીલી તલવાર ચલાવી, ઈમામ હસન (અ.સ.) ઝહેરથી અને ઈમામ હુસૈન (અ.સ.) બૂઠા ખંજરથી શહીદ કરવામાં આવા. કરબલાનો અઝીમ હાદેસો વાકેઅ થયો યહાઁ તક કે, અઈમ્મતે આલે મોહંમદ (અ.સ.) બનુ ઊમય્યાહના લઈન ઝાલિમ હાકિમોની જૌરોજફાથી મસ્તૂર થઈ ગયા, આસ્માને હિદાયતના તારાઓ ગુરૂબ થઈ ગયા.

**(૨) ફિતનતુઝ ઝર્રા :** શામમાં બનુ ઊમય્યાહની ખાના-ખરાબી અને ખાતેમા બાદ બગદાદમાં બનુલ અબ્બાસના જબ્બાર-સિતમગાર હાકિમોના ઝુલ્મથી આ ફિતનત શુરૂ થઈ, જે વક્ત પાઁચ માં ઈમામ મૌ.જાઅફરૂસ્સાદિક (અ.સ.) ની દૌરે ઈમામતનો આખિરી વક્ત હતો. આ સઘલા બદબખ્તોએ આલુર્રસૂલ, ઝુર્રીયતુલ બતૂલ (અ.સ.) ના મોહિબ્બોને જેઓ ઈમામના દોઆતો જેમ હતા, એક-એક કરીને કત્લ કરવાનું શુરૂ કીધું. ઝુલ્મો સિતમની ઈન્તેહા થઈ, મુમેનીનને દર-બ-દર કીધા જેના સબબ સાતમાં ઈમામ મૌ.મોહંમદ બિન ઈસ્માઈલ અને આપના બાદ ત્રણ ઈમામો સવા સો સાલ તક મસ્તૂરીન થઈ ગયા.

તે બાદ મગરિબથી ૨૯૭ હિ.માં આફતાબે હક્કે તુલૂઅ કીધો અને અલ્લાહના વલીઓથી મઝર્રતો મુસીબત દૂર થઈ. અગિયારમાં ઈમામ મૌ.મહેદી (અ.સ.) ના ઝુહૂરથી ઝુલ્મો સિતમની તારીકી-અંધારૂં દૂર થઈ ગયું અને અલ્લાહનું નૂર ઝાહિર થયું. વીસમાં ઈમામ મૌ.આમિર (અ.સ.) ની ૫૨૬ હિ. માં શહાદત થાવા તક, મગરિબના મુલ્કો પર ફાતેમી દૌલત અને તૈયેબી મમ્લેકત કાઈમ રહી.

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**નાફેલત કરતા ફરઝ વધીને છે અને ફરઝના બાદ દોઆ વધીને છે**

## -::: અખ્બાર પુર અન્વાર :::-

### -::: રિશ્તેદારી - એક અહમ ઝિમ્મેદારી :::-

કુરઆને કરીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, મરદ અને બૈરો જે ઈન્સાની તખ્લીકની બે કિસ્મ છે તેને મેં બદબૂદાર પાની (મની) થી પૈદા કીધા છે અને ઈન્સાનની નસલ બાકી રહે તે વાસ્તે સૂરતુલ ફુરકાનમાં **"ફજઅલહૂ નસબવ વ સેહરા વ કાના રબ્બોકા કદીરા"** ની આયતથી રિશ્તેદારી કાઈમ કરવાનો હુકમ આવેલો છે. આ આયતમાં અહલુલ બૈત (અ.સ.) ની ઝિકિર મખ્સૂસ છે, જેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપના દીકરી મૌ.ફાતેમા (અ.સ.) ની રિશ્તેદારી-નિસ્બત-તઅલ્લુક શાદીની પાકીઝા સુન્નતથી મૌ.અલી (અ.સ.) સાથે કીધી. મૌ.અલી, રસૂલુલ્લાહ બાવાજીના કાકાજીના દીકરા છે જે **"નસબ"** છે અને આપના દીકરી મૌ.ફાતેમાના શૌહરે આલી છે જે **"સેહર"** છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના જમાઈ છે. મૌ.અલી (અ.સ.) ફરમાવતા કે હું તે "સેહર" છું કે જેની ઝિકિર કુરઆનમાં છે. અલ્લાહતઆલાના હુકમથી મૌ.આદમ (અ.સ.) નું નૂર ઉતરીને અબ્દુલ મુત્તલિબમાં આવુ અને એના બે હિસ્સા થયા. એક હિસ્સો મૌ.અબ્દુલ્લાહમાં આવો અને બીજો હિસ્સો મૌ.અબુ તાલિબમાં આવો. મૌ.અબ્દુલ્લાહથી નબીયુલ્લાહ મોહંમદ અને મૌ.અબુ તાલિબથી વલીયુલ્લાહ અલી (સ.અ.) પૈદા થયા. આ બેવે સાહબોના નૂરના ઝર્રાતથી શીઅયાને અહલે બૈત પૈદા થયા. તો નૈક સીરત મુમિન સાથે પાક દામન મુમેનાના રિશ્તા આજે કાઈમ થાય છે અને આ ઈમાનના સંગમના **સબબ આજે શરીઅતની અસ્લીયત બાકી છે.**

અપની જમાઅતની તારીખમાં પહેલી વક્ત રિશ્તેદારી અને નિસ્બત કરવામાં સુહૂલત થાય અને હમારા ઈમાનદાર દીકરાઓને દીનદાર દીકરીઓ મયસ્સર થાય તે વાસ્તે નિસ્બતનો પ્રોગ્રામ તા.૭ ઝિલકાદ ૧૪૩૦ / ૨૫-૧૦-૨૦૦૯, રવિવારે, ઝેનીથ સ્કૂલના ગ્રાઉન્ડ પર મુરત્તબ કરવામાં આવો. હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆએ દિલીથી, માઝૂનુદ્દાઅવત સૈયેદી સાહબ (દા.મ.) અને બુસાહેબાની હિદાયાતના માતહત, અંજુમને તન્ઝીમે મિલ્લતે તૈયેબીયાહના અરાકીનની છેલ્લા ત્રણ મહીનાથી તનતોડ કોશિશ અને મહેનતથી **આ પ્રોગ્રામે કામિયાબીની મંઝિલ સર કીધી. ઘણી બારીકી, સોચ-વિચાર કરીને તમામ ચીઝને ગોઠવવામાં આવી હતી.** ૯૦ દીકરાઓ અને ૪૦ દીકરીઓ સાથે કાઉન્સીલરોના ૨૨ ટેબલો મુકવામાં આવા હતા. સ્ટેજ પર દીકરાઓની શનાખ્ત બાદ દીકરીઓએ પસંદ કીધેલા દીકરા સાથે તેની મરઝી પૂછીને વાલેદૈનની હાઝરીમાં મુલાકાતો કરાવવામાં આવી અને ઘણા વક્ત તક અરસ-પરસ દીકરાઓ અને દીકરીઓ દરમિયાન ગુફ્તગૂનો દૌર ચાલો. ફજેરે ૯:૩૦ વાગે શુરૂ થયેલો પ્રોગ્રામ સાંજે ૪:૦૦ વાગે પૂરો થયો અને નતીજા રૂએ અલ્લાહતઆલાએ ત્રણ નિસ્બતની કામિયાબીની ખુશી નસીબ કીધી. જે દીકરાઓની આ પ્રોગ્રામમાં નિસ્બત થઈ તેઓ રિશ્તાની તમામ ઉમ્મીદ ખોઈ બેસા હતા, મગર આ પ્રોગ્રામ મુમેનીન વાસ્તે ઉમ્મીદની નવી રોશની લઈને આવો, જેના નૂરથી રિશ્તેદારીની રાહ નમૂદાર થઈ.

અંજુમનનો આ પહેલો તજરૂબો હતો. આ પ્રોગ્રામને તરતીબ આપવો આસાન કામ ન હતું. ઘણી દુશ્વારીઓને હલ કરતા-કરતા અલ્લાહતઆલાએ હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના અસ્રે મયમૂનમાં જ આ એક નવી રસમના આફતાબને તુલૂઅ કીધો. હજી તો આ શુરૂઆત છે, ઈન્શાઅલ્લાહ જો મુમેનીનનો સાથ હશે, દીકરા-દીકરી ખુલ્લા દિલથી અપની જમાઅતના જ કોઈ પરહેઝગાર ફરઝંદ યા દુખ્તર સાથે નિસ્બત કરવાનો નૈક ઈરાદો કરશે તો ઝરૂર જમાઅતમાં આવા પ્રોગ્રામો થાયા કરશે. દીકરાવાલા તરફથી જ નિસ્બતની પૈશકશ થાય, આ કદીમ તરીકાને મુમેનીનને ભુલવો પડશે અને દીકરીવાલા તરફથી પણ હવે નિસ્બતની કોશિશ થાવી જોઈએ તો રિશ્તેદારીની ગાંઠને આસાનીથી ખોલી શકાય.

આ પ્રોગ્રામ ફક્ત ગરીબોનો છે તેવી ગલતફહેમીમાં રહીને દૌલતમંદ મુમેનીનના દીકરા-દીકરીઓને આમાં શામિલ થાવામાં પરહેઝ ન કરવો જોઈએ. જમાઅતના તમામ મુમેનીન એક છે, કોઈ ઉંચો કે નીચો નથી, **આ કોશિશ તમામ વાસ્તે છે અને નિસ્બતનો સવાલ બધા જ વાસ્તે અંગારા જેમ સીલગતો છે.** હર તબકાના

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**જે કોઈ બીજાની હઁસી-મઝાક કરશે તો તે એના ઉપર આવી પડશે.**

*(પેજ નં. ૧નું બાકી)* ***રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની વસીયત.....***

પણ અલ્લાહના ફરમાનથી જ હતું. બીજી તમામ વસીયતોને અને હુકમે રસૂલને સરે તસ્લીમ કરવામાં આવે તો વલાયતે અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને કેમ નહીં ?

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો કૌલ છે કે, **નથી જાઇઝ થાતું એક મુસલમાન વાસ્તે કે બે રાત પણ ગુઝારે મગર એના સિરાહના-તકીયા નીચે વસીયત લખેલી ન મુકી હોય.** કુરઆને કરીમ, દીનદારીમાં વસીયત કરવા પર ઝિયાદહ તાકીદ કરે છે, માલની વસીયત કરતા. એક આયતે શરીફાહમાં ઈબ્રાહીમ (અ.સ.) આપના ફરઝંદ ઈસ્માઈલને અને યાઅકૂબ (અ.સ.) આપના ફરઝંદ યૂસુફને દીનદારીની વસીયત કરે છે કે, **"ઇન્નલ્લાહસ્તફા લકોમુદ્દીન ફલા તમૂતુન્ના ઇલ્લા વ અન્તુમ મુસ્લેમૂન"**, યાઅની બેશક અલ્લાહતઆલાએ પસંદ કીધેલું છે તમારા વાસ્તે દીનને પછી તમને હરગિઝ મૌત નહી આવે યહાઁ તક કે તમેં મુસલમાન હશો. આ આયત ઝિલકાદ મહીનાની તસ્બીહ છે. આ વસીયતમાં દુનિયાની સરવત-દૌલત તરફ ઈશારો નથી પણ દીનની એહમીયત અને તેના તરફ રગબતની વાત છે. બીજી એક જગા યાઅકૂબ નબી આપના આખિરી વક્તમાં આપના ફરઝંદોને શાહિદ રાખીને **અલ્લાહતઆલાની ઇબાદતની** અને આપના બાવાજીઓ જેની ઈબાદત કરતા હતા તેની વસીયત ફરમાવે છે.

અલ્લાહ જલ્લા શાનોહૂ એ સફરમાં પણ મૌતની હાઝિરીમાં વસીયત કરવામાં બંદાના કોઈ બહાના-ઉઝુરને કુબૂલ નથી કીધો. વસીયતના વક્ત અગર કોઈ પણ કલેમાગો શાહિદી આપનાર ન મીલે તો અહલુલ કિતાબની શાહિદી જાઈઝ ઠેહરાવેલી છે. જો સફરમાં વસીયતની આ તરહ એહમીયત હોય તો અહલ-કરાબતવાલાને નઝદીક કેમ ન હોય ! આગલા અંબિયા (અ.સ.) ના જેટલા વસીઓ હતા એ તમામ આપના ફરઝંદો-આપના કરાબતવાલાઓ યા આપના ઘરના લોગો જ હતા; દૂરના ટોલાઓ કે કબીલાઓ સિવાયના હતા. મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) ના વસી એમના દીકરા મૌ.હાબીલ અને મૌ.શીસ (અ.સ.) હતા, મૌ.નૂહ નજીયુલ્લાહ (અ.સ.) ના વસી એમના દીકરા મૌ.સામ (અ.સ.) હતા, મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના વસી એમના દીકરા મૌ.ઈસ્માઈલ હતા, મૌ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના વસી એમના ભાઈ મૌ.હારૂન (અ.સ.) અને એમના ભત્રીજા મૌ.યૂશાઅ બિન નૂન (અ.સ.) હતા, મૌ.દાઊદ (અ.સ.) ના વસી એમના દીકરા મૌ.સુલૈમાન હતા, મૌ.હિઝકીલ (અ.સ.) ના વસી એમના ભત્રીજા મૌ.અરમિયા હતા, મૌ.ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ના વસી એમના માસીના દીકરા મૌ.શમ્ઊનુસ સફા હતા. અલ્લાહતઆલાએ પોતાના નબીએ અકરમને તમામ અંબિયાની પૈરવી કરવાનો અને તેઓની સુન્નતને જારી રાખવાનો હુકમ કીધો અને ફરમાવું કે, આ તે જ લોગો છે કે, જેઓને અલ્લાહે હિદાયત આપી. તો અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), આપ તેઓની ઈતાઅત કરો અને ફરમાવું કે, હમેં તમારા તરફ વહ્ય મોકલી છે કે, **તમેં ઇબ્રાહીમ ખલીલુલ્લાહની પાકો સાફ ઉમ્મતને તાબેઅ થાવ.**

હમારો એ વાત પર ઈત્તેફાક છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ, તે તમામ વાતની હમને ખબર કીધી કે જે થઈ ગયું અને જે કયામતના દિન તક થાશે. આપની મૌત એકાએક ન હતી અને કોઈએ આપને તલવારથી કતલ પણ ન્હોતા કીધા યહાઁ તક કે, આપ ઈન્તેકાલ કરી જાય અને આપના પછી આવનારને વસીયત ન કરી શકે યા આપ મશ્વરો આપે ઉમ્મતને આપના બાદ કોઈને પણ ઈખ્તેયારનો. હમેં ઝરૂર જાણીએ છીએ કે, આપનો ઈખ્તેયાર ઉમ્મતના પોતાના ઈખ્તેયાર કરતા ઘણો જ ઘણો બહેતર અને આઅલા છે કેમકે, આપે તો નાની-નાની વાત જે આ લોગો ઉપર પૈશ આવી તેમાં ખૈર અને બહેતરીનો જ હુકમ કીધો અને કોઈ વક્ત પણ કોઈ વાતને લોગોના હાલ પર નથી છોડી! આની મિસાલ એ છે કે, આપે ફરમાવું કે, એક દિનના આંતરે કાજલ આંજો, દરરોઝ તેલ લગાવો, એક જૂતું પહેરીને ન ચાલો, તૂટેલા કુંઝામાંથી પાની ન પીઓ જ્યાં મેલાશ જમા થાતી હોય, સીધું વાસન માંથી પાની ન પીઓ કેમકે એ શયતાનની બેઠક છે, જે વક્ત સિરાહના પર આરામ કરો તો પડદો નાખી દો અને ચિરાગ બુઝાવી દો, પૈશાબ કરીને સુવો. આ તો હમારા જિસ્મોને લગતી નાની-નાની વાતો છે. આના સિવાય આપે દીનમાં ફિત્નો-ફસાદ અને કત્લની પણ ખબર કીધી છે. આપે એ તમામ વાતો કહી જે આપના બાદ રૌઝે કયામત તક થાનાર છે અને

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**" લા ઈલાહા ઈલ્લલ્લાહ " પઢો તો " અલ-હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન " ઝરૂર પઢો.**

*(પેજ નં. ૫નું બાકી)* ***રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની વસીયત.....***

આપે કયામતના દિનનો પણ અહવાલ આપો. શું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ બધી જ વાતોની ખબર કરે અને પોતાના વસીની વસીયતને મુકી દે ? જે વક્ત આ તમામ કામોની ઉમ્મતને તાકીદ કરી છે અને શું તમામથી મોટી વાત ભુલી જાય ?

ઉમ્મતના લોગોનો આ વાત પર પણ એકમત છે કે, આપે ફરમાવું હતું કે, મારા ઈન્તેકાલ બાદ તમેં અલ્લાહની નેઅમતના વાસ્તે કુફ્ર કરશો અને એકબીજાની ગરદન મારશો અને જો તમેં આમ કરશો તો તમેં લાલ તખ્તીમાં યાઅની કે, ચંદ ફીરેલા લોગોના મુઠ્ઠીભર ટોલામાં થઈ જાશો જેનાથી આ નૌજવાન અલી ઈબ્ને અબી તાલિબ જેહાદ કરશે. આપે ફરમાવું કે, મારા બાદ એ મુનાફિકોના ટોલાઓ નાકેસીન-મારેકીન-કાસેતીનને આ નૌજવાન જ મારનાર હશે. આપે ફરમાવું કે, **મારા બાદ જે ચીઝનો હું વધારે ખૌફ કરૂં છું તે, લોગોને ગુમ્રાહ કરનાર બની બેઠેલા ઇમામોનો છે.** એ લોગો અગર અલીની મોહબ્બત રાખીને વસાયતના મન્સબ પર બેસાડશે તો તેઓ બિલાશક અલીને સાથે રોશન મંઝિલ તરફ આવી જાશે, પણ તેઓ હરગિઝ આમ નહીં કરે.

તારીખ ગવાહ છે કે, જંગે તબૂકમાં જાતી વક્ત આપે મદીનામાં મૌ.અલી (અ.સ.) ને આપના ખલીફા બની ઈસ્રાઈલ દરમિયાન કાઈમ કીધા. બરાબર એ મિસાલ પર કે, મૂસા કલીમુલ્લાહ (અ.સ.) અલ્લાહતઆલાના અય્યામ-મીકાત પૂરા થાતી વક્ત મૌ.હારૂન (અ.સ.) ને બની ઈસ્રાઈલ દરમિયાન મુકી ગયા હતા. ખિલાફત સોંપતી વક્ત આપે મૌ.અલી (અ.સ.) ને ફરમાવું કે, **મારા નઝદીક તમારી મંઝેલત મૂસા (અ.સ.) ને નઝદીક હારૂન (અ.સ.) ની મંઝેલત જેમ છે, મગર ફક્ત એ વાત કે મારા બાદ કોઇ નબી નથી.** જેમ મૌ.મૂસા (અ.સ.) ની કૌમના લોગોની ગરદનોમાં આજ તક મૌ.હારૂન (અ.સ.) ની ખિલાફતનો અમર અને સુન્નત બાકી છે, તેમ ઉમ્મતે મોહંમદી ની ગરદનોમાં મૌ.અલી (અ.સ.) ના મીસાકનો અમર ઈન્તેકાલે રસૂલ (સ.અ.વ.વ.) થી હમણા તક બાકી છે, કોઈ શખ્સ આનાથી છુટી શકે એમ નથી. ★

## -::: પંજતને પાક (અ.સ.) :::-

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે વક્ત અલ્લાહતઆલાએ આદમ સફીયુલ્લાહ (અ.સ.) ને પૈદા કીધા અને એમાં પોતાની રૂહને ફૂંકી તો આદમે અરશની જમની તરફ નઝર કીધી. આપે નૂરના પાઁચ અશબાહ (સૂરતો) ને જોયા કે જે નૂરાની શખ્સો પોતાની જ સૂરત પર હતા. આ અશબાહમાંથી કોઈ રૂકૂઅમાં હતું, તો કોઈ સજદામાં હતું. આ જોઈને આદમે બારગાહે ઈલાહીમાં અરઝ કીધી કે, અય રબ્બુલ ઈઝઝત, ભલા મારા પહેલે તુંએ કોઈ બશરને પૈદા કીધા છે ? ઈરશાદે ઈલાહી થયો કે, ના, હરગિઝ નહી. પાછી અરઝ થઈ કે, તો આ સઘલા કૌન છે કે, જેઓને હું મારી શિકલો સૂરતમાં જોઉં છું ? ઈરશાદે ઈલાહી થયો કે, **આ પાઁચ સાહબો તમારા ફરઝંદો માંથી છે અને જો આ ન હોતા તો હું તમને પૈદા ન કરતો, ન કે જન્નત અને જહન્નમને પૈદા કરતો, ન અરશ-કુરસીને, ન આસ્માન-ઝમીનને અને ન ફરિશ્તાઓને, ન ઇન્સો જિન્નને, કોઇને પૈદા ન કરતો.**

આ તે સાહબો છે કે, જેના નામોને મેં એ મારા નામોમાંથી નીકાલા છે. હું **"મહમૂદ"** છું અને આ પાઁચ માંથી પહેલા સાહબ **"મોહંમદ"** છે. હું **"આઅલા"** છું અને આ **"અલી"** છે. હું **"ફાતિર"** છું અને આ **"ફાતિમ"** છે. હું **"મોહસિન"** છું અને આ **"હસન"** છે. હું **"એહસાન"** છું અને આ પાઁચમાંથી આખિરી સાહબ **"હુસૈન"** છે. મારી ઈઝઝત અને જલાલના કસમ ખાઈને કહું છું કે, આ સઘલા સાહબોમાંથી કોઈ એકની પણ મોહબ્બત રાયના દાના બરાબર કોઈ શખ્સના દિલમાં હશે, એને હું જન્નતમાં વસાવીશ. મારી ઈઝઝત અને જલાલના કસમ ખાઈને કહું છું કે, આ સઘલામાંથી કોઈ એકની પણ અદાવત રાયના દાના બરાબર જેના દિલમાં હશે એને હું જહન્નમમાં દાખિલ કરીશ અને હું એની પરવાહ નહીં કરૂં. અય આદમ ! **બશરની નજાત આ સાહબોની મોહબ્બતથી છે અને એની હલાકી આ સાહબોની અદાવતથી છે.** ★

**મૌત આખેરતની ઝિંદગીની ઈબ્તેદા છે.**


*(પેજ નં. ૪નું બાકી)* **અખ્બાર પુર અન્વાર....**


મુમેનીનને હવે પછી થાનાર પ્રોગ્રામમાં સરખો હિસ્સો લેવો જોઈએ જેથી જમાઅતમાં ઘર કરી ગયેલા નિસ્બતને લગતા ખોટા તરીકા મીટાવી શકાય. અંજુમનની આ અદના કોશિશને મુમેનીન વધાવી લેશે અને આઈંદા આ સિલસિલામાં થાનાર પ્રોગ્રામોમાં પૂરો સાથ આપીને જમાઅતના શીરાઝા અને આ અલવી ચમનને ચહકતો-મહકતો રાખવા હમારા સાથે ખભેથી ખભા મીલાવશે એવી દિલી તમન્ના છે. ★


આ નિસ્બતના પ્રોગ્રામમાં જે દીકરા-દીકરીઓની રિશ્તેદારી તય થયેલી તેની વિગત નીચે મુજબ છે :

## નિસ્બત મુબારક

(૧) (૨) (૩)








| | | | | | |
|---|---|---|---|---|---|
| **હુસૈનીભાઇ શમ્સુદ્દીન સમુવાલા** | **સુબ્હાના શૌકતહુસૈન નરસંદાવાલા** | **અલીઅબ્બાસ હસનૈનભાઇ નજમી** | **નેઅમત મોહંમદઅલી ઊંદાવાલા** | **અલીઅસ્ગર દિલાવરઅલી ડભોઇવાલા** | **ફાતેમા હુસૈનીભાઇ નડીયાદવાલા** |

*(પેજ નં. ૩નું બાકી)* ***આઈનએ દરસે તૈયેબી.....***

**(૩) ફિતનતુત તમ્હીસ :** મિસિરથી એકવીસમાં ઈમામ મૌ. અબુલ કાસિમ તૈયેબ (અ.સ.) અને આપના ફરઝંદો અઈમ્મતુલ હક્કના ૫૨૮ હિ.થી સતરમાં જાવાથી આ ફિતનત ઈબ્તેદા થઈ. કુરઆને કરીમમાં સતરના ઝમાનના આવવાની ઝિક્ર છે કે જેનો મકસદ આ આયતમાં છે, **"વલે યોમાહ્હેસલ્લાહુલ લઝીના આમનૂ વ યમ્હકલ કાફેરીન,"** યાઅની આ વાસ્તે કે અલ્લાહ મુમેનીનને પાકો સાફ કરે અને કાફેરીનને મિટાવી દે, દૌરૂસ્સતરનો ઝમાનો આવે છે.

મૌ.અલી (અ.સ.) ના કૌલ મુજબ આલે રસૂલમાંથી એવા મરદ ઝાહિર થાશે જે ઝુલ્મની અંધારીઓને દૂર કરશે. ઝમીન એના રબના નૂરથી ચમકી ઉઠશે, જે રબ ફેસલો કરવા વાસ્તે જલ્વા-અફરોઝ થાશે. હિસાબ વાસ્તે લોગોના આઅમાલ મુકવામાં આવશે અને ઉમ્મતો પર શાહિદી આપવા અંબિયા તેમજ શહાદત દેનારાઓને બોલાવવામાં આવશે. ઈન્સાફથી ફેસલો કરવામાં આવશે, કોઇને ઝર્રા બરાબર પણ નુકસાન નહી કરવામાં આવે અને હર એક જાનને એના આઅમાલનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે.

નવમાં ઈમામ મૌ.અહમદિલ મસ્તૂર (અ.સ.) ઈખ્વાનુસ્સફા કિતાબમાં ફરમાવે છે કે, અય મારા ભલા ભાઈ ! **આ દૌરે સતરમાં અલ્લાહતઆલા ખબીસને તૈયેબથી અલગ કરે છે** અને ઓલમાએ હક્કના દરજાઓને બલંદ કરે છે કે જેઓ હર હાલમાં સબર કરે છે, રાહે ખુદામાં જાનો માલથી જેહાદ કરે છે. દીનને બચાવવા વાસ્તે મુસીબતો ઉચકે છે અને અલ્લાહથી સવાબના તલબગાર રહે છે. તું આ વાતનો ઈકરાર કર કે, ઝમાનામાં દિલોની સફાઈ ઘણી કમ હોય છે અને અખ્લાકની નાપાકી ઘણી ઝિયાદહ હોય છે. કુદૂરત (નાપાકી) હોય તો જ સફાઈ (પાકી) ની કદર થાય. ઝુલ્મ હોય તો અદલની માઅરેફત થાય, બીમારી હોય તો સેહતની કદર થાય. આ દૌરમાં તૈયેબ લોગોની એ ખાસીયત છે કે, સુખ અને દુઃખ બેવેમાં એમના દિલોની હાલત એક જ હોય છે, ઘણું બરદાશ્ત કરે છે, અલ્લાહના હુકમ અને કઝા સામે ઝુકી જાય છે અને ખુશી-બ-ખુશી સુકૂને જિગર સાથે હર ખૈર ચીઝને તસ્લીમ કરી લે છે. ★

**દરસનો વક્ત :**

નૂરાની મસ્જિદ : દર રવિવાર : સવારે ૧૦:૩૦ વાગે    તૈયેબી મસ્જિદ : દર જુમ્આ : રાતે ૮:૧૫ વાગે. ★

**મૌત એક એવો દરવાઝો છે કે જેમાંથી તમામને ગુઝરવાનું છે.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### એલર્જી (Allergies)

ઈન્સાનનું જિસ્મ હર જાનદાર અને ગૈર જાનદાર ચીઝને react કરતુ હોય છે. જ્યારે જિસ્મનું reaction કોઈ એક ચીઝના કારણે વધારે અને ગૈર માઅમૂલી (abnormal) હોય યા થાય તો એને allergy કહે છે. જે વસ્તુથી એલર્જી થાય એને allergen કહે છે. આ allergen અપના જિસ્મમાં કોઈ પણ રસ્તાથી દાખિલ થઈ શકે છે, સુંઘવાથી, ખાવાથી, અડકવાથી, injection થી વગૈરા. આ allergen ના સબબ body ને અંદર એક અજબ તરહના reaction આવે છે જે અપની body માંથી છૂટતા chemicals ના લીધે હોય છે. આ reactions એવા હોય છે કે, જે મુજબ અપના પર કોઈ દુશ્મન હમલો કરે અને અપને એનો તરત જ જવાબ આપીએ છીએ અને હોશિયાર થઈ જઈએ છીએ. એવા reactions કોઈમાં ઓછા તો કોઈમાં જાનલેવા હોય છે.

➩ **એલર્જી થાવા થી જે reactions body માં આવે છે તે આ મુજબ છે :**

∗ ચામડી પર લાલ ચાંઠા પડી જવા અને તે ભાગ ઉપસી આવવો. જલન થવી યા તો ખંજવાલ આવવી. આ ચીઝ જિસ્મના કોઈ એક ભાગ પર થઈ શકે યા પૂરા બદન પર થઈ શકે છે.

∗ ચામડી લાલ થઈ જવી અને એમાંથી ચીકણું પાની નીકલવું અને ખંજવાલ આવવી. ચામડી ઉખડી જવી એને allergic dermatitis કહે છે.

∗ વારંવાર શરદી થવી યા ખાંસી થવી, જે સાત દિન થી વધારે રહે યા તો સાલના કોઈ એક જ મૌસમમાં હર વરસે થાવી. આમાં નાકમાંથી પાની નીકલવું, ગલાના અંદરના ભાગ પર ખંજવાલ આવવી વગૈરા.

∗ જિસ્મના કોઈ પણ ભાગ પર ખંજવાલ આવવી યા લાલ થઈ જવું. itching (ખંજવાલ) એ ઝિયાદહ તર allergy ની નિશાની છે.

∗ વારંવાર ખાંસી થવી અને સસની બોલવી (સાંસ લેવામાં તકલીફ થાવા સાથે સીપી જેવો આવાઝ નીકલવો.)

∗ કોઈ સબબ બગૈર diarrhoea થવો યા પેટમાં ચૂંક આવવી યા પેટમાં અનગમો રહેવો વગૈરા.

➩ **ઘરને અંદર આમ તૌર પર allergy કરતા allergens :**

∗ ધૂલ (એમાં dust mites, pollens અને બીજા proteins હોય છે જેના લીધે allergy થાય છે).

∗ Pollens - ફૂલના યા ઘાંસના યા ઝાડના. કેટલા patients ને વસંત (spring) ના મૌસમમાં વારંવાર શરદી-ખાંસી રહે છે, એનો સબબ હવામાં રહેલા pollens હોય છે.

∗ Fungi - ઊબ

∗ પાલતુ જાનવરો જેવા કે કુતરા, બિલાડી, સસલું, birds વગૈરા કે જેના બદનની ધૂલથી allergy થાય છે.

∗ મુલાયમ જાનવરના બાલથી બનેલા રમકડાં યા કપડાં વગૈરા.

∗ Rubber - Latex (રમકડાં, મોજા, underwear, gloves, etc.)

∗ સાબુ, bleaches, chemicals, સફાઈ કરવાના liquids, વગૈરા.

∗ જમવાની ચીઝો જેવી કે, ગાયનું દૂધ, બેડા, peanuts, કઠોલ, soy, wheat, મકાઈ, વગૈરા.

➩ **Allergy ને રોકવા શું કરવું :**

જે ચીઝથી allergy થતી હોય તો પહેલા એને ઓલખવું અને એનાથી દૂર રહેવું. વારંવાર શરદી રહેવી અને છીંકો આવવી તે કોઈ ચીઝને સુંઘવાથી થાય છે. એલર્જી ન થાય તે વાસ્તે ઘરને સાફ રાખો અને ધૂલ જમા

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**બીજાને ઝલીલ કરતા પહેલા સો વકત વિચારજો કેમકે બીજાને બેઈઝ્ઝત કરવાથી તમારી ઈઝ્ઝત વધતી નથી.**

(પેજ નં. ૮નું બાકી) ***હિકમતના લોગો વાસ્તે.....***

થાવાથી રોકો. સોફાસેટ, પડદાઓ, ગલીચાઓ, mattresses, beddings, તકિયાઓ, blankets વગૈરાને બરાબર સાફ રાખો. આ બધી ચીઝો ધૂલ અને નાના-નાના proteins (allergens) નું ઠીકાનું છે. અગર ઘરના કોઈને allergy હોય તો flowering season (ફૂલની મૌસમ) માં બાહર જાવાથી પરહેઝ કરો. ધૂમાડાની allergy હોય તો ઘરમાં રહેવાનું પસંદ કરો, બાહર જવાનું થાય તો ગાડીમાં AC ચાલુ કરીને મુસાફરી કરો. Mosquito repellant coil યા mat યા liquid નો ઈસ્તેમાલ કમ કરો. આનાથી બચ્ચાને allergic cough યા શરદી રહી શકે છે. ઘરમાં પાલતું જાનવરો હોય તો એના બાલ ને ઓછા રાખો અને વધારે વક્ત એને સાથે રહેવાનું ટાલો. જમવાની જે ચીઝથી allergy થતી હોય તેનાથી પરહેઝ કરો.

➾ **એવી બીમારીઓ કે, જેનુ અસલ (origin) allergy હોય શકે છે :**

**Asthma** - જ્યારે બચ્ચાને વારંવાર શરદી-ખાંસી અને તાવ આવે અને તે બાદ સસની બોલવાનું શુરૂ થઈ જાય અને શ્વાસ લેવામાં તકલીફ પડે તો એને allergic asthma કહેવાય છે. આમાં broncho dilators કે steroids કે inhalers આપવાથી જ બચ્ચાને સુકૂન મીલે છે.

**Eczema** - ચામડી ના આ રોગને ખરજવું પણ કહે છે, જેમાં ચામડી લાલ થઈ જાય છે, ખૂબ ખંજવાલ આવે છે અને કેટલાક cases માં ચીકણુ પાની પણ નીકલે છે. તરહ તરહનાં allergens જેમકે food allergens (જમવાની ચીઝો) Eczema થવાના સબબો હોય શકે છે. ઘણા cases માં Eczema અને Asthma બંને જોવા મીલે છે અને જ્યારે એક ચીઝ કાબૂમાં હોય છે ત્યારે બીજી વધી જાય છે.

➾ **એલર્જી અને હોમીયોપેથી :-**

હોમીયોપેથીક દવાઓ કે જે માનસિક અને શારીરિક તૌર પર cases સમઝવા પછી આપવામાં આવે છે તે allergic reactions ને કમ કરે છે અને જિસ્મની sensitivity ને ઘટાડી દે છે. આ મુદ્દતમાં ડૉક્ટર allergen થી દૂર રહેવાની સલાહ આપે છે, મગર જેમ જેમ treatment થતી જાય છે તેમ તેમ allergen ની પરહેઝી રોકી દેવામાં આવે છે અને જોવામાં આવે છે કે, allergic reaction આવે છે કે નહી. અગર reaction ન આવે તો સમઝવું કે allergy દૂર થઈ ગઈ છે. ટૂંકમાં હોમીયોપેથી, ઈન્સાનને allergen ને સાથે રહેવાનું શીખાવી દે છે કેમકે, આજના આ modern અને fast ઝમાનામાં કોન એવી દરકાર લેશે કે, ઝિંદગી ભર બધા allergens થી દૂર રહે ?

∗ આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા દર્દીને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

∗ **આજવા રોડ** પર ક્લીનીકનો વક્ત :
જુમોઆ : સાંજે ૫ થી ૭
રવિવાર : સવારે ૧૦ થી ૧૨
સરનામું : આરામ ક્લીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ. ★

∗ **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર અને જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★


**- અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સને ચાર ચીઝો મીલી જાય તો એ શખ્સ ચાર ચીઝોથી મેહરૂમ નહીં રહે.**
**(૧) દોઆને સાથે એના મુસ્તજાબ થાવાથી.**
**(૨) તૌબાને સાથે એના કુબૂલ થાવાથી.**
**(૩) ઇસ્તિગફાર કરવા સાથે એની મગફેરત થાવાથી.**
**(૪) શુક્ર કરવા સાથે નેઅમતોમાં વધારો થાવાથી મેહરૂમ નહીં રહે.**

**જે દોસ્ત તમને કામના વક્ત મદદ ન કરે, એ તમારો દોસ્ત નથી પણ દુશ્મન છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....





**ઊભી તરકીબ :**

(૧) નુકસ, કમી, કુસૂર. (૨)
(૨) હ.દાઊદ નબી (અ.સ.) પર કઈ આસ્માની કિતાબ નાઝિલ થઈ. (૩)
(૩) નાપાક, ગંદુ. (૩)
(૭) તે નબી કે જેના માનનારાઓને "હવારીયૂન" કહે છે. (૨)

**આડી તરકીબ :**

(૨) અલ્લાહએ મરદ વાસ્તે બૈરો પૈદા કીધા છે તો આસ્માન વાસ્તે શું ચીઝ છે. (૩)
(૪) સૈ.બદરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના પહેલા ઝૌજાહ તાહેરાહ (માઁ સાહબા) નું શું નામ છે. (૨)
(૫) અલ્લાહએ કોને આગથી પૈદા કીધેલા છે. (૨)
(૬) સરદાર, મુખી. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




**સહી જવાબો આપનાર :** અબરાર નાઈબઅલી સૂરતી.

★

*(પેજ નં. ૨નું બાકી)* ***હ.મુસ્લિમ બિન અકીલ (રિ.અ.).....***

કૂફાના રસ્તાઓથી બેખબર મુસ્લિમે એક ગલીમાં આવેલા એક ઝઈફાના મકાન પાસે ઉભા રહી પાની તલબ કીધું. નામ જાણીને ઝઈફાએ આપને ઘરમાં લઈ લીધાં અને પનાહ આપી. પણ તેનો દીકરો ઈબ્ને ઝિયાદના એક સરદાર મોહમ્મદ ઈબ્ને અશઅશનો ગુલામ હતો, તેએ પડદો ફાશ કરી દીધો. ઈબ્ને ઝિયાદે લશ્કર સાથે ઈબ્ને અશઅશને મુસ્લિમને ગિરફતાર કરવા મોકલો.

મુસ્લિમ આ વાતથી બેખબર હતા. દુશ્મનોએ ઘરને ચારે બાઝુથી ઘેરી લીધું. આપ અકીલના શેહઝાદા હતા. ગુસ્સામાં આવી હાશિમી હુમલો કીધો. કંઈકને કતલ કીધા. મુસ્લિમ તો આમ ગિરફતાર નહિં જ થાય એમ સમઝી ઈબ્ને અશઅશે દગો કીધો અને તલવાર મિયાનમાં નાંખી. મુસ્લિમ બાહિર નીકલા કે, તરત જ દગો કરીને તમામે આપના બખ્તર અને તલવાર ખેંચી લીધાં અને કૈદ કરી ઈબ્ને ઝિયાદની પાસે લાવા.

ઈબ્ને ઝિયાદે હાની બિન ઉર્વાહ અને મુસ્લિમ બિન અકીલ બંને ને બામ (કોઠા) ઉપર ચઢાવી ત્યાં શહીદ કીધા અને બંનેની લાશોને બહુ ઊંચેથી નીચે ફેંકાવી બંનેના માથાને યઝીદ પાસે મોકલાવી દીધા. મુસ્લિમ બિન અકીલનું સર પહેલું હાશેમી કબીલાનું સર હતું, જે ભાલાની નૌક પર ઊંચું કરવામાં આવું હતું. સલામુલ્લાહે અલયહિમ. ★

**નમાઝ ગુનાહોને એવી રીતે ખંખેરી નાંખે છે જેવી રીતે ઝાડ પરથી પત્તા ખરી પડે છે. નમાઝ ગુનાહોથી તમને એ તરહ આઝાદ કરે છે જેવી રીતે જાનવરની રસ્સી ખોલી તેને બંધનમાંથી છુટા કરવામાં આવે છે.**

**તમારા ઘરની દીવાર એટલી ઊંચી ન કરો કે પડોશીને હવા-ઉજાસ ન મીલે.**

**" માઁ " નો લફ્ઝ ભલે ઘણો નાનો છે મગર તેનામાં અચ્છાઈઓનો દરિયો સમાયેલો છે.**

**-::: ઝાહેર ખબર :::-**

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એક્સચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★


**-::: Best Wishes :::-**



**Zainabiyah (Zenobia) Naeem Motiwala** of Zenith School has won the champion prize in the Intermediate A (Fourth) level at the 2nd All Gujarat U.C.Mas Abacus and Mental Arithmetic Course Instructor's Competition held on 7th Oct. 2009.

We appreciate your efforts in the way of Academic Progress. ★

**કુરઆને કરીમમાં " હા-મીમ " સાત છે. જહન્નમનાં સાત દરવાઝાઓ પર એક-એક " હા-મીમ " કહે છે કે, અય મારા રબ, જે શખ્સે મારી તિલાવત કીધી હોય એને આ દરવાઝામાં દાખિલ ન કરજે.**


**-::: ઝાહેર ખબર :::-**

## અલી ફોટોગ્રાફર્સ

કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.

ઓર્ડર માટે કોન્ટેક્ટ કરો : **મોહંમદઅલી કાચવાલા**

એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ, તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.

મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★

## અયમન હોઝીયરી

**દરેક પ્રકારની બા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**

*તરન્નુમ ઝહીર કાચવાલા*

વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ, પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા, વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

## લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

**Zenith**

**HEARING AIDS BY ELKON** audifon



AM unitron hearing

**100 % DIGITAL INVISIBLE ITC & CIC**

**" NATIONAL PLAZA "**
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884

**" THE EMPEROR"**
Fatehgunj Main Road Ph : 2787744

**" SHIPRA"**
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266

**"KEDAR"**
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307


**ગુસ્સાની હાલતમાં પોતાની ઝાત પર કાબૂ રાખવો જ તાકતવરની પહેચાન છે.**

# -::: દીવાને મૌ. અલી (અ.સ.) :::-

**બેતફક્કોરિન વ તખશ્શોઇન વ તકર્રોબિન**

**ઇન્નલ મોકર્રબા ઇન્દહુલ મોતકર્રેબો**

**માઅના :** કુરઆને કરીમ પઢનાર શખ્સ તેને ફિકરને સાથે પઢે, નમનતાઈ રાખે અને અલ્લાહતઆલાને નઝદીક કૌન છે કે જે એનો વસીલો લેનાર હોય (એની માઅરેફત રાખે).

**તશ્રીહ :** કુરઆને કરીમમાં જ અલ્લાહતઆલા કુરઆન પઢતી વક્ત તેની આયતે શરીફાહના માઅના-મતલબમાં ગૌરો ફિકર કરવાનું કહે છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, **શું તે લોગો કુરઆનમાં તફક્કુર યાઅની કે, ઊંડો વિચાર નથી કરતા યા તેઓના દિલો પર તાલા વાગી ગયા છે !** દીગર જગા પર બયાન છે કે, કાફિર લોગો કુરઆનને અલ્લાહના કલામ સમઝીને નથી પઢતા પણ કોઇ વાઁચણ સમઝીને વાઁચી લે છે અને તરછોડી દે છે. એક દિન અબુ સુફિયાન, વલીદ, અકબાહ, ઉત્બાહ, શયબાહ, ઊમય્યાહ વગૈરા જેવા કટ્ટર કાફિરો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી કુરઆને કરીમ સાંભલવા આવા અને પોતાના કાન દઈને સાંભલવા લાગા. સાંભલા બાદ કહેવા લાગા કે, **"અરે ! આ તો આગલા લોગોની કહાનીઓ છે."** અલ્લાહતઆલા આવા લોગોના તાઅનાઓની તરદીદ અને મઝમ્મત કરીને ફરમાવે છે કે, હમેં એ લોગોના દિલો પર પડદાઓ નાખી દીધા છે તેથી આ મુજબની ખુલ્લી અને સાફ વાતો ને પણ સમઝી શકતા નથી.

કુરઆનને પઢીને અહલુદ દાઅવત પાસે સમઝવું અને એના પર સાબિત કદમ રહેવું એ અલ્લાહની અઝીમ નેઅમત છે, તેની આયતોમાં જે કોઇ ફિકર કરે અને દિલને મોમ બનાવે, જન્નતની બશારતની વાત આવે તો ખુશ થાય, જહન્નમના અઝાબનો ડર સંભલાવવામાં આવે તો ગુનાહોથી પરહેઝ કરે, ખતાઓને માફ કરાવવા વાસ્તે રોય એ જ બંદો અલ્લાહથી નઝદીકી હાસિલ કરે છે. ખામોશ કુરઆની ઔરાક-પાનાઓ સાથે અહલુલ કુરઆન, તેને બોલાવનાર-સમઝાવનાર દાઈયુલ્લાહિલ હક્કિલ મુબીનનો વસીલો અઝહદ અઝહદ ઝરૂરી છે. ★

**જે શખ્સ ઈલ્મ શીખો અને તે મુતાબિક અમલ ન કીધો, તો તેની મિસાલ એવી છે કે તેને ઝમીન પર હલ ચલાવું મગર બીજ ન વાવું.**

LIC
ભારતીય જીવન વીમા નિગમ
LIFE INSURANCE CORPORATION OF INDIA
Mustakali Vohra
Insurance Consultant
Ph.: (0265) 2583316
(0265) 2021406
"આપ આપના કુટુંબની મુલ્યવાન સંપત્તી છો......માટે વિમો જરૂરી છે"

2nd Floor,
Umallawala's House,
Badri Mohalla,
Wadi, Vadodara.
Monarch art
Screen Printing • Offset Printing • DTP Job Work

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની CD મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★